# છાપરા રોડ પર રાત્રે 'ઢોરોનું રાજ'

**અંધારામાં** રસ્તા વચ્ચે બેસતા ઢોરોથી મુશ્કેલી સર્જાતી હોવાથી મનપા દ્વારા સત્વરે કડક કાર્યવાહી કરવાની સ્થાનિકોની માંગ



નવસારી: શહેરના છાપરા રોડ વિસ્તારમાં રાત્રિના સમયે રસ્તા પર રખડતાં ઢોરનો જમાવડો જોવા મળતાં વાહનચાલકો માટે મુશ્કેલી ઊભી થઈ રહી છે. ખાસ કરીને અંધારામાં રસ્તાની વચ્ચે બેસેલા ઢોર દૂરથી સરળતાથી નજરે ન પડતાં વાહનચાલકોએ સાવચેતીપૂર્વક પસાર થવું પડે છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, છાપરા રોડ પર સમયાંતરે રખડતાં ઢોરની સમસ્યા જોવા મળે છે.

રાત્રિના સમયે વાહનવ્યવહાર ઓછો હોય ત્યારે રસ્તા પર બેસી રહેતાં ઢોરને કારણે દ્વિચક્રી વાહનચાલકો માટે સ્થિતિ વધુ મુશ્કેલ બની શકે છે. ઢોર અચાનક રસ્તા પર આવી જાય તો અકસ્માતની શક્યતા પણ રહે છે. નાગરિકોનું કહેવું છે કે મનપા દ્વારા રખડતાં ઢોરને નિયંત્રિત કરવા કામગીરી કરવામાં આવે છે, પરંતુ છાપરા રોડ જેવા વિસ્તારોમાં નિયમિત દેખરેખ અને સમયાંતરે ઢોર પકડવાની કામગીરી કરવામાં આવે તો સમસ્યામાં વધુ ઘટાડો થઈ શકે.

સ્થાનિકોએ કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલાં મનપા દ્વારા સત્વરે કાર્યવાહી કરવા તેમજ પશુપાલકોને પોતાના ઢોર જાહેર રસ્તા પર ન છોડવા અંગે સમજ આપવા માંગ કરી છે. સાથે જ રાત્રિના સમયે વાહનચાલકોને પણ ઝડપ ઓછી રાખી સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની અપીલ કરવામાં આવી છે.

## સાપુતારાના મોન્સૂન ફેસ્ટિવલમાં પ્રવાસીઓની ચિક્કાર ભીડ



સાપુતારા : સાપુતારામાં ચાલી રહેલા મોન્સૂન ફેસ્ટિવલમાં સોમવારે પ્રવાસીઓની ચિક્કાર ભીડ જોવા મળી હતી. ગુજરાત પ્રવાસન વિભાગ ગાંધીનગર દ્વારા આયોજિત મોન્સૂન ફેસ્ટિવલના ડોમમાં યોજાતા વિવિધ કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. મોન્સૂન ફેસ્ટિવલના ડોમમાં એન્કર જીગ્નેશ પાટીલે ગરબા અને ડાન્સની રમઝટ બોલાવી હતી. સંગીતના તાલે પ્રવાસીઓ પણ ગરબે ઘૂમતા જોવા મળતાં આનંદનો માહોલ છવાઈ રહ્યો છે. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રવાસીઓની સાપુતારા મુલાકાતને યાદગાર બનાવી રહ્યા છે. સામાન્ય રીતે શનિ-રવિ દરમિયાન સાપુતારામાં પ્રવાસીઓની વધુ ભીડ જોવા મળે છે, પરંતુ હાલ મોન્સૂન ફેસ્ટિવલના પગલે સોમવાર જેવા ચાલુ દિવસે પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. જેના કારણે સાપુતારામાં યોજાઈ રહેલા મેઘ મલ્હાર પર્વને પણ સારી એવી સફળતા મળી રહી છે. મોન્સૂન ફેસ્ટિવલના ડોમમાં ઉમટેલી પ્રવાસીઓની ચિક્કાર ભીડ જોવા મળી રહ્યા છે.

# બે-બે માસથી પુસ્તકો નહીં મળતાં આંદોલનની ચીમકી

**બે** માસથી ધો. ૬ના વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક નહીં મળતાં વાંસદા સરપંચ એસો.ની તા.પં. ઘેરાવાની ચીમકી

વાંસદા : વાંસદા તાલુકાની સરકારી શાળાઓમાં પ્રથમ સત્ર શરૂ થયાને બે માસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં ધોરણ-૬ના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનનું પાઠ્ય પુસ્તક ફાળવવામાં આવ્યું નથી. જેના પગલે વાંસદા તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા તંત્ર સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. આ અંગે સરપંચ એસોસિએશન દ્વારા તા. ૩ ઓગસ્ટના રોજ વાંસદા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી ધોરણ-૬ના વિદ્યાર્થીઓને તાત્કાલિક સામાજિક વિજ્ઞાનના પાઠ્ય પુસ્તકો ફાળવવાની માંગ કરવામાં આવી હતી. જોકે, આવેદનપત્ર આપ્યા બાદ પણ આજદિન સુધી શાળાઓમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા ન હોવાનો આક્ષેપ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના શિક્ષણને અસર ન થાય તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે પાઠ્ય પુસ્તકોની ફાળવણી કરવામાં આવે તેવી માંગ સાથે તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં ધોરણ-૬ના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક આપવામાં નહીં આવે તો તા. ૧૪ ઓગસ્ટના રોજ વાંસદા તાલુકા પંચાયત કચેરીનો ઘેરાવો કરવાની સરપંચ એસોસિએશન દ્વારા ચીમકી ઉચ્ચારી હતી. અને સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશેનું જણાવ્યું હતું.

# વાંઝટઆંબાની દુકાનમાં ચોરી કરનાર બે ઝડપાયા

**તસ્કરોએ** રાત્રિ દરમિયાન દુકાનના નટ-બોલ્ટ ખોલી અંદર પ્રવેશી રોકડ અને સિગારેટ-ગુટખાની ચોરી કરી હતી

સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારના વાંઝટઆંબા ગામે આવેલી એક દુકાનમાં થયેલી ચોરીનો વણઉકેલાયેલ ગુનો પોલીસે ગણતરીના દિવસોમાં જ ઉકેલી કાઢ્યો છે. ગત ૬ અને ૭ ઓગસ્ટની રાત્રિ દરમિયાન અજાણ્યા ઈસમોએ દુકાનની છતનાં સિમેન્ટનાં પતરાં ખોલીને અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો દુકાનમાંથી રોકડ રૂપિયા ૫,૬૬૫ તેમજ રૂ. ૧,૦ ની કિંમતની સિગારેટ અને ગુટખા મળી કુલ રૂ. ૬,૬૬૫ ની મત્તા ચોરી કરી ગયા હતા. ડાંગ-આહવા પોલીસ અધિક્ષક પૂજા યાદવની સૂચના અનુસાર, નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. ચાવડા તથા તેમની ટીમે તપાસ હાથ ધરી હતી.

પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી બે જુવેનાઈલ (બાલકિશોર) આરોપીઓને શોધી તેમની પાસેથી ચોરીની રોકડ રકમ, પાન-મસાલા અને મોપેડ બાઈક સહિતનો કુલ મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નવસારીમાં રૂપિયા 1.94 કરોડની કથિત ઠગાઈની તપાસ જરૂરી



**બેંક** રેકોર્ડ, સીસીટીવી ફૂટેજ, મોબાઇલ લોગ અને દસ્તાવેજોની ફોરેન્સિક ચકાસણી થાય તો જ કૌભાંડની તસવીર સામે આવશે

### સાચો સવાલ છે ખાતું કોણે ખોલાવ્યું, KYC કોણે મંજૂર કર્યું

ફરિયાદમાં દર્શાવાયેલા દરેક દસ્તાવેજની ફોરેન્સિક ચકાસણી થાય તો ખોટી સહી કે બનાવટી દસ્તાવેજોના આક્ષેપોની હકીકત પણ સ્પષ્ટ થઈ શકે છે. આ કેસમાં મૂળ સવાલ ઠગાઈ કોણે કરી? પૂરતો નથી; સાચો સવાલ છે"ખાતું કોણે ખોલાવ્યું, KYC કોણે મંજૂર કર્યું, પૈસા કોણે ખસેડ્યા, કોના ખાતામાં પહોંચાડ્યા અને આખી પ્રક્રિયામાં કોની મદદ મળી?" આ પાંચ સવાલોના જવાબ મળે તો જ રૂપિયા 1.94 કરોડની કથિત ઠગાઈની સંપૂર્ણ તસવીર સામે આવી શકે. હવે તપાસ એક વ્યક્તિથી આગળ વધીને પૈસાની દરેક કડી અને દરેક દસ્તાવેજ સુધી પહોંચે છે કે નહીં, તેના પર સમગ્ર કેસનું રહસ્ય ટકેલું છે.

નવસારી : નવસારીમાં એનઆરઆઈ દંપતી સાથે રૂપિયા 1,94,51,124ની કથિત ઠગાઈનો મામલો માત્ર એક એજન્ટ સામેની ફરિયાદ તરીકે જોવામાં આવે તો આ કેસના અનેક મહત્વના સવાલો અનુત્તરિત રહી શકે છે. ફરિયાદમાં ખોટી સહી અને દસ્તાવેજોના આધારે ત્રણ અલગ-અલગ બેંકોમાં ખાતાં ખોલાવ્યાના આક્ષેપો સામે આવ્યા છે. જો આ આક્ષેપો તપાસમાં સાચા સાબિત થાય તો તપાસનો પહેલો સવાલ એ બનવો જોઈએ કે ખાતું ખોલાવતી વખતે KYC દસ્તાવેજો કોણે ચકાસ્યા, સહીની ખરાઈ કેવી રીતે કરવામાં આવી અને ખાતું મંજૂર કરવાની પ્રક્રિયા કયા સ્તરે પૂર્ણ થઈ? ત્યારબાદ આ ખાતાંમાં આવેલા નાણાંની સંપૂર્ણ 'મની ટ્રેલ' શોધવી જરૂરી બને છે. કઈ તારીખે કેટલા રૂપિયા જમા થયા, કોણે ટ્રાન્સફર કર્યા, કયા ખાતામાં રકમ આગળ ગઈ, ATM/ચેક/NEFT/RTGS/UPIમાંથી કઈ પદ્ધતિનો ઉપયોગ થયો અને અંતે રકમ ક્યાં પહોંચી. આ દરેક સવાલનો જવાબ બેંક રેકોર્ડ આપી શકે છે. બીજી તરફ આરોપી એજન્ટ નવસારી પોસ્ટ ઓફિસમાં મોડી સાંજ સુધી કયા કર્મચારીઓ સાથે બેસતો હતો, તેની ત્યાંની અવરજવરનું સત્તાવાર રેકોર્ડ શું છે અને પોસ્ટલ વ્યવહારો સાથે તેની કોઈ સત્તાવાર કે અનધિકૃત કડી હતી કે કેમ તે પણ તપાસનો મહત્વનો ભાગ બની શકે છે. અહીં એક બાબત સ્પષ્ટ છે કે બેંક કે પોસ્ટ વિભાગના કોઈ કર્મચારીને હાલ દોષિત ગણાવી શકાય નહીં; તેમની સંડોવણી અંગેના સવાલો માત્ર તપાસનો વિષય છે. પરંતુ રૂપિયા 1.94 કરોડના કથિત ગોટાળામાં જો માત્ર મુખ્ય આરોપીની ધરપકડ કરીને બેંકિંગ અને પોસ્ટલ પ્રક્રિયાની તપાસ અધૂરી રાખવામાં આવે તો નાણાંની વાસ્તવિક પગદંડી કદાચ ક્યારેય બહાર નહીં આવે. તેથી તપાસમાં ત્રણેય બેંકોના Account Opening Forms, KYC દસ્તાવેજો, સહીના નમૂના, CCTV ફૂટેજ, મોબાઈલ નંબર, બેંક સ્ટેટમેન્ટ, ચેક ઈમેજ, ટ્રાન્ઝેક્શન લોગ અને સંબંધિત પોસ્ટ ઓફિસના રેકોર્ડ જપ્ત કરી પરસ્પર સરખામણી કરવી જરૂરી છે.

# આંગણવાડી વર્કરના નામે સાયબર ઠગાઈનો નવો ખેલ

**સરકારી** યોજનાનો લાભ અપાવવાના બહાને બે કર્મચારીઓના ખાતામાંથી હજારો રૂપિયા સાફ

નવસારીઃ નવસારી તાલુકામાં સાયબર ઠગોએ હવે આંગણવાડી વર્કરના નામનો દુરુપયોગ કરી નાણાં પડાવવાની નવી મોડસ ઓપરેન્ડી અજમાવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. તાલુકાના આમરી અને ટેલાડા ગામની બે આંગણવાડી વર્કરોને અજાણ્યા શખ્સોએ ફોન કરી સરકારી યોજના હેઠળ લાભ અપાવવાના બહાને વિશ્વાસમાં લીધા બાદ તેમના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૪૨ હજાર ઉપાડી લીધા હોવાની માહિતી સામે આવી છે.

મળતી માહિતી મુજબ ઠગોએ ફોન પર આંગણવાડી વર્કરનું નામ તેમજ સરકારી યોજનાનો ઉલ્લેખ કરી વાત શરૂ કરી હતી. ત્યારબાદ ANC-PNC યોજના હેઠળ લાભ મળવાનો હોવાનું જણાવી બેંક ખાતા સાથે જોડાયેલી પ્રક્રિયા કરાવવાના બહાને Google Pay ખોલવા સહિતની સૂચનાઓ આપી હતી. વાતચીત દરમિયાન ઠગોએ એવી રીતે વિશ્વાસમાં લીધા કે થોડા સમય બાદ બંને વર્કરોના ખાતામાંથી રકમ કપાઈ ગઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. આ ઘટનાથી સાયબર ઠગોની બદલાતી રીત સામે આવી છે. હવે ઠગો માત્ર બેંક અધિકારી કે પોલીસના નામે જ નહીં, પરંતુ સરકારી યોજના, આંગણવાડી વિભાગ અને કર્મચારીઓના નામનો સહારો લઈને પણ લોકોને નિશાન બનાવી રહ્યા છે. ખાસ કરીને અજાણ્યા નંબર પરથી આવતા ફોનમાં કોઈપણ એપ ખોલવી, UPI સંબંધિત સૂચનાઓનું પાલન કરવું કે બેંકની માહિતી આપવી જોખમી બની શકે છે.

આંગણવાડી વર્કરો દ્વારા પણ લોકોને ચેતવણી આપવામાં આવી છે કે સરકારી યોજનાના નામે ફોન આવે તો સત્તાવાર કચેરી મારફતે તેની ખરાઈ કર્યા વિના કોઈ માહિતી કે નાણાકીય વિગતો ન આપવી. OTP, UPI PIN, બેંક વિગતો કે વ્યક્તિગત દસ્તાવેજો ક્યારેય અજાણ્યા વ્યક્તિ સાથે શેર ન કરવા અને શંકાસ્પદ ફોન આવે તો તાત્કાલિક સતર્ક રહેવા અપીલ કરવામાં આવી છે.

# મિંઢોળા નદીના જૂના બ્રિજ પરથી ભારે વાહનો પર પ્રતિબંધ મૂકાયો

**સુરત**-સચિન-નવસારી રોડના ૬-લેન વિસ્તરણ અંતર્ગત નવા બ્રિજનું નિર્માણ

**હેવી** વાહનો માટે બાજુના નવા બ્રિજનો ઉપયોગ ફરજિયાત

નવસારીઃ સુરત-સચિન-નવસારી રોડને હાઈસ્પીડ કોરિડોર અંતર્ગત ૬-લેનમાં રૂપાંતરિત કરવાની કામગીરીને મંજૂરી મળતાં મિંઢોળા નદી પરના જૂના બ્રિજના સ્થાને નવા બ્રિજના નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવશે. બાંધકામ દરમિયાન વાહનવ્યવહાર સલામત અને સરળ રહે તે માટે જૂના બ્રિજ પરથી હેવી લોડેડ વાહનોની અવરજવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે. એન. લિખિયાએ મળેલી સત્તાની રૂએ આ અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. નવસારીથી સુરત તરફ જતા ભારે વાહનચાલકોએ હવે જૂના બ્રિજની બાજુમાં આવેલા નવા બ્રિજનો વૈકલ્પિક માર્ગ તરીકે ઉપયોગ કરવાનો રહેશે. તંત્ર દ્વારા વાહનચાલકોને બાંધકામની કામગીરીને ધ્યાનમાં રાખી ટ્રાફિક વ્યવસ્થા અંગે આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે સુરત-સચિન-નવસારી રોડના કિ.મી. ૨૧/૪થી ૩૦/૩૬ સુધીના હયાત ફોર-લેન માર્ગને ૬-લેન હાઈસ્પીડ કોરિડોરમાં વિકસાવવાની કામગીરી હાથ ધરાઈ રહી છે. આ પ્રોજેક્ટ હેઠળ જૂના બ્રિજને તોડી નવા બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેથી ભારે વાહનચાલકોને પ્રતિબંધનું પાલન કરી વૈકલ્પિક બ્રિજનો ઉપયોગ કરવા તંત્રએ અનુરોધ કર્યો છે.

# વલસાડમાં કારે અડફેટે લેતાં બાઈક ચાલકનું મોત

વલસાડ : નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના સોલધરા ખાતે રહેતા ૩૧ વર્ષીય અજયકુમાર ગણપતભાઈ પટેલ પોતાના પત્ની સાથે બાઈક (નંબર: GJ-21-BR-2610) પર માલવણ ખાતેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન માલવણ કોસ્ટલ હાઈવે પર વળાંક લેતી વખતે પાછળથી પૂરપાટ ઝડપે આવી રહેલી અલ્ટો કાર (નંબર: GJ-15-CM-2508) ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માત સર્જાયા બાદ અલ્ટો કાર પણ રોડ સાઈડના ખાડામાં ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં બાઈક ચાલક અજયકુમાર પટેલને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. ઘટના અંગે ડુંગરી પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. અકસ્માત સર્જનાર અલ્ટો કારના ચાલકનું નામ યશ કિશન ટંડેલ હોવાનું બહાર આવ્યું છે.


## PUBLIC NOTICE

It is hereby informed that, due to the recent heavy rainfall and flooding at the Vapi manufacturing facility of Welspun Living Limited, certain carton boxes containing finished goods produced for exporting to Welspun's international customers have been misplaced from company's premises.

The public is hereby cautioned not to purchase, sell, distribute, deal in or otherwise handle such misplaced goods belonging to Welspun without lawful authority. Any unauthorized dealing with such goods may invite appropriate legal action under applicable laws.

Anyone having information regarding the possession, sale or circulation of such goods is requested to inform the nearest Police Station or contact Welspun Living Limited at 02606144444.

VDC BANK

**ધી વલસાડ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લિમિટેડ, વલસાડ.**

વહીવટી કચેરીઃ- "સહકાર સદન", કચેરી રોડ, વલસાડ-૩૯૬૦૦૧ ફોન નં. (૦૨૬૩૨) ૨૪૧૪૨૪, ૨૪૮૭૨૫, ફેક્ષ નં.૨૨૨૨૨૦

The Valsad District Central Co-operative Bank Limited. Valsad.

Administrative Office:- "Sahakar Sadan", Kacheri Road, Valsad-396001. Phone No.(02632)248725,241424, Email : ceo@vdc.bank.in ● Website: vdcbank.in.

**૬૧મી વાર્ષિક સાધારણ સભાની નોટીશ**

આથી બેંકના સર્વે સભાસદોને વિદિત થાય કે બેંકની સને ૨૦૨૫-૨૬ના વર્ષની ૬૧મી વાર્ષિક સાધારણ સભા તારીખઃ-૨૪-૦૮-૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે શ્રી સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સેવા સમાજ હોલ, ને.હા.નં.-૮ ધરમપુર ચોકડી, તા.જી.:-વલસાડ ખાતે મળશે જેમાં સમયસર હાજર રહેવા વિનંતી છે.

નોંધઃ- વાર્ષિક અહેવાલો પોસ્ટ મારફત મોકલવામાં આવી રહ્યા છે. જે તારીખઃ-૧૭-૦૮-૨૦૨૬ સુધીમાં ન મળે તો બેંકની વહીવટી ઓફીસમાંથી મેળવી લેવા.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
(લાલજીભાઇ એસ. પટેલ)
ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર

તારીખઃ-૧૦-૦૮-૨૦૨૬
વલસાડ

**સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ., ગણદેવી**

વાયા- બીલીમોરા, જિ. નવસારી, પીનકોડ- ૩૯૬૩૬૦
ફોન નં. ૦૨૬૩૪-૨૬૨૩૪૪/૪૬

**કોન્ટ્રાક્ટ આપવાના છે.**

સને ૨૦૨૬-૨૦૨૭ ની પીલાણ સીઝન માટે સંસ્થાના જુદા જુદા કામો જેવા કે, ખાંડની ડીલીવરી આપવાનો, પ્રેસમડ વાહતૂક, બાયો કંમ્પોસ્ટ વાહતૂક, હીટ ટ્રીટમેન્ટ શેરડી બીયારણ વાહતૂક, બગાસ કેરીયરથી ટ્રેક્ટર મારફત બગાસ ખસેડવાનો, સુગર હાઉસમાં બેગીંગ, બગાસ ખસેડવાનો અને બેલીંગનો, ચેઈન કેરીયર સાફ સફાઈ, કેન્ટીનનો, સ્પેન્ટવોશ વાહતૂક, ડીસ્ટીલરી ખાતે ઉત્પાદિત ગ્રેન્યુલેશન પોટાશ/પાવડરનું બેગીંગ તથા વ્યસ્થિત ગોઠવવું. બોઈલરમાંથી નિકળતી રાખ વેચાણથી આપવાનો,ગોબર (છાણ) પુરૂ પાડવાના કામો કોન્ટ્રાક્ટથી આપવાના છે.

ઉપરોક્ત કામોની ટેન્ડર ફી રૂા. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) ભરવાથી સંસ્થાની ઓફીસેથી (જાહેર રજા અને રવિવાર સિવાય) સવારે ૧૧:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે. ટેન્ડર ફોર્મ સાથે ડીપોઝીટ ભરી ટેન્ડર તા. ૨૧-૦૮-૨૦૨૬ ને શુક્રવાર સુધીમાં ભરીને આપવાનું રહેશે. સુગર ફેક્ટરીના અનુભવી, રાજ્ય સરકારશ્રીનું પ્રમાણિત લાયસન્સ, પી.એફ. કોડ નંબર તેમજ પાન નંબર તથા જીએસટી નંબર વિગેરે કોન્ટ્રાક્ટર પાસે હોવા અત્યંત જરૂરી છે. કોઇપણ ટેન્ડર માન્ય કે અમાન્ય કરવા તેનો અબાધિત હક્ક સંસ્થાનો રહેશે.

ગણદેવી
તા. ૧૧-૦૮-૨૦૨૬

(રાજીવકુમાર ગુપ્તા)
મેનેજીંગ ડીરેક્ટર

**ગુજરાત ગ્રામીણ બેંક**
**GUJARAT GRAMIN BANK**
Scheduled Bank Owned by Government

**APPENDIX-IV**
**POSSESSION NOTICE**
(For Immovable property/ies)
(Rule 8(1) of the Security Interest (Enforcement) Rules, 2002)

Whereas,

The undersigned being the Authorized Officer of the Gujarat Gramin Bank under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of powers conferred under section 13(12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a Demand Notice dated 29-05-2026, calling upon the Borrower Shri Bhavanaben Santoshkumar Rajput, to repay the amount mentioned in the notice being Rs. 14,66,886.03/- (Rupees Fourteen Lakh Sixty-Six Thousand Eight Hundred Eighty-Six and Paise Three Only) plus Interest reversal of Rs. 39,968.10 as on 27-05-2026 together with further interest thereon at the contractual rate plus costs, charges and expenses till date of payment within 60 days from the date of receipt of the said notice. However, Against he demand amount of Rs. 14,66,886.03/- plus interest reversal of Rs.39,968.10/- as on 27-05-2026 plus interest thereon, an amount of Rs. 50,000/- only has been credited in the loan account on 30-07-2026.

The Borrower having failed to repay the amount, notice is hereby given to the Borrower and the Public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him under sub-section (4) of section 13 of the Act read with Rule 8 of the Security Interest Enforcement Rules, 2002 on this the 05th day of August of the year 2026.

The Borrower/Guarantors/Mortgagors in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property/ies will be subject to the charge of Gujarat Gramin Bank for an amount of Rs. 14,66,886.03/-(Rupees Fourteen Lakh Sixty-Six Thousand Eight Hundred Eighty-Six and Paise Three Only) plus Interest reversal of Rs. 39,968.10 as on 27-05-2026 and further interest thereon at the contractual rate plus costs, charges, expenses and deductions or adjustments till date of full re-payment.

The Borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**Description of the Immovable Property**

All that piece and parcel of the Immovable property bearing R.S.No. 105 Paiki Tika No.114, C.S.No. 4788, T.P.S. No.2, F.P.No. 299, Plot No. L/20,L/21,L/22, paiki Flat NO. 202, Municipal House NO. 4810/202, Flat admeasuring 186.5241 Sq. Mtr. (Super Built up area) Built up area-130.4832 Sq.mtr., undivided share in land 42.00 Sq. Mtr. Situated at Mega Dhanush, Dasera Tekri, Near Jayshankar Party Plot, Ward No. 14, Navsari.

Bounded:
On the North by: Road
On the South by: Passage & open land Plot No. L-27,L-28,L-29.
On the East by: Flat No. 203
On the West by: Flat No. 201

Date: 05-08-2026
Place: Navsari

(M.V. Shah)
Authorised Officer

VALSAD REGION
Gujarat Gramin Bank, Regional Office, Valsad, 3rd floor, Aditya chambers, Station road, Valsad-396001, Tele No. (02632) 253790/242130/241194/241195
Email - rovals@barodagujaratrrb.co.in, website - www.bggb.in